"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી નારાયણ મંદિરની સામે, શાહીબાગ રોડ, અહમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 9824039477

---

**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭** **તા.૨૨-૦૩-૨૦૧૭**

**ખાસ જરૂરી**

**પ્રતિશ્રી,**
**માન.શ્રી નીતિનભાઈ પટેલ**
**માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા, માર્ગ અને મકાન**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**<u>વિષય : ૨૦૧૭-૧૮ના બજેટમાં લમસમ ટેક્ષની દરખાસ્ત અંગેની રજુઆતો</u>**

**માનનીયશ્રી,**

**સવિનય જણાવવાનું કે ૨૦૧૭-૧૮ના બજેટમાં આપશ્રીએ ટેક્ષ સરળીકરણ બાબતે ૭૫૦૦ કિ.ગ્રા.થી વધારે જીવીડબલ્યુ વાળી ગાડીની કિંમતના ૭% પ્રમાણે લમસમ ટેક્ષની જે દરખાસ્ત કરેલ છે તે બાબતે તા.૨૭-૦૨-૨૦૧૭ના રોજ આપશ્રીને જુદા જુદા મુદ્દાઓની છણાવટ ભરી રજુઆત કરેલ અને ત્યારબાદ ટ્રાન્સપોર્ટ વિભાગના અધિકારીઓ સાથે તેમજ રાજયના મોટા ટ્રાન્સપોર્ટરો અને આપણા આજુબાજુના રાજયના ટ્રાન્સપોર્ટરો સાથે પણ આ બાબતે ચર્ચા કરેલ.**

**ત્યારબાદ થયેલ ચર્ચાઓ દરમ્યાન ઉપરોકત દરખાસ્ત ફરજીયાત ધોરણે દાખલ કરવાની રજુઆતને અમે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ આવકારીએ છીએ પણ સાથેસાથે અમોએ કરેલ ચર્ચા વિચારણા તેમજ મેળવેલ અભિપ્રાયોને આધારે આપને વિનંતી કરવા માંગીએ છીએ કે જો લમસમ ટેક્ષનો દર ૫.૫%ના દરે રાખવામાં આવે તો નવી તથા જુની ગાડીઓ માટે ખુબ આકર્ષક રહે અને સહેલાઈથી બધા વાહનધારકો તે તરફ વળે.**

**આપ જાણો છો તેમ અત્યારે મોટી ગાડીનો ટેક્ષ જીવીડબલ્યુના પ્રતિ ટન દીઠ રૂા.૮૦૦/- લેખે દર વર્ષે ભરવાનો રહે છે અને દર વર્ષે એક કે બે હપ્તામાં જે તે ગાડીમાલીકો ભરે છે પણ જો લમસમ ટેક્ષની રકમ પહેલે દિવસે કિંમતની ટકાવારીમાં એકસાથે ભરવાનુ થાય તો દેખીતી રીતે ગાડીઓની મોટી કિંમતના પ્રમાણમાં ટેક્ષની રકમ પણ મોટી થાય છે તે ઉપરાંત એડવાન્સમાં ભરવાનો હોવાથી તેનો દર વર્ષે વ્યાપારીક ધોરણે વ્યાજનું ભારણ પણ ઘણું થઈ શકે.**

**આ ઉપરાંત દર વર્ષે ગાડીઓની કિંમતમાં વધારો થાય છે જેને હિસાબે ઉત્તરોત્તર નવી ગાડીઓનો લમસમ ટેક્ષ પધ્ધતિમાં ભરવાપાત્ર ટેક્ષ વધતો જ જશે. તેમાં પણ ખાસ કરીને એપ્રીલ ૨૦૧૭થી વ્યાપારીક વાહનોમાં બીએસ ફોર એન્જીન ફરજીયાત આવવાથી વાહનોના ભાવમાં ૨ થી ૨.૫ લાખ રૂપિયાનો ભાવ વધારો આવવાનો છે. જે લમસમ ટેક્ષમાં જે-તે દરે વધશે.**

**આ સાથે અમોએ ટાટા મોટર્સમાંથી ૨૦૦૮થી અત્યાર સુધીના દર વર્ષના મોડલ ૩૧૧૮ના ભાવ મેળવેલ છે અને તેમાંય ખાસ કરીને ૨૦૧૦માં બીએસ ટુ થી બીએસ થ્રી એન્જીન આવતા થયેલ ભાવ વધારાની તેમજ એપ્રીલ ૨૦૧૭માં બીએસ ફોર એન્જીન સાથેના અપેક્ષીત ભાવ પણ લખેલ છે. ખાસ કરીને આપ જોઈ શકશો કે ૨૦૦૮ થી ૨૦૧૭ સુધીમાં રૂા.૧૨,૭૬,૯૦૨/ -નો વધારો થયો છે જે આશરે ૮૦% જેટલો છે. આમ જોતા આજથી આગામી વર્ષોમાં બીએસ ફોર અને બીએસ સીકસ**

"Driving Salamat To Jivan Salamat"
अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन
AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION
७५, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदाबाद-३८० ००४.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in
75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President : SHRI VASANBHAI G. AHIR (Gandhinagar) (O) 79-23250123/24 Fax : 79-23250125 (M) 99250 25148
Acting President : SHRI MAVJIBHAI B. DODIA (Rajkot) (O) 0281-2481900 Fax : 0281-2482186 (M) 96240 19991
Hon. Secretary : SHRI MUKESHBHAI C. DAVE (Ahmedabad) (O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 9824039477



**એન્જીનો આવતા તેમજ બીજા વાર્ષિક ભાવ વધારા સાથે બધી જ જાતના વાહનોની કિંમતમાં ઘણો વધારો આવશે.**

**હાલમાં ગુજરાત રાજયમાં વાહન ટ્રાન્સફર માટેની ફી રૂા.૭૫૦/- છે, જે આ પધ્ધતિ દાખલ થતા યથાવત રહેવી જોઈએ, તેમજ ગાડી રાજય બહાર ટ્રાન્સફર થાય કે સ્ક્રેપ થાય તો ગાડીના બાકીના વર્ષોના ટેક્ષની રકમ પ્રો રેટા ધોરણે તુરત પરત મળવા જોઈએ.**

**આ ઉપરાંત જુની ગાડીના મરજીયાત લમસમ ટેક્ષ માટે બે વર્ષમાં ૪ હપ્તામાં ટેક્ષ ભરવાનો સમય આપવા અમારી રજુઆત છે.**

**અમને આશા છે કે આપ આ રજુઆતોને ધ્યાનમાં લઈ યોગ્ય કરશોજી.**

**આપશ્રીના યોગ્ય કરવાની અપેક્ષા સહ,**

**આપનો વિશ્વાસુ,**

**મુકેશભાઈ સી. દવે**
**(માનદમંત્રી)**

**સામેલ :**
**૧. આપશ્રીને લખેલ સંસ્થાનો તા.૨૭-૦૨-૧૭ના પત્રની નકલ**
**૨. ટાટા મોટર્સ માંથી ઈમેલ દ્વારા મેળવેલ કિંમતોની વિગત**

**નકલ રવાના :**
**૧. માન. શ્રી વલ્લભભાઈ કાકડિયા-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો)-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**૨. માન. શ્રી અનિલભાઈ મુકીમ સાહેબ-અધિક મુખ્ય સચિવ-નાણા વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**૩. માન. શ્રી વિપુલ મિત્રા સાહેબ-અગ્રસચિવ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**૪. માન.શ્રીમતી મોનાબેન ખંધાર-સેક્રેટરી (ઈએ) નાણા વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**૫. માન. શ્રી આર.એમ. જાદવ સાહેબ-વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AGTTA

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી નારાયણ મંદિરની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477

**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭** **તા.૨૭-૦૨-૨૦૧૭**

**પ્રતિશ્રી,**
**માન.શ્રી નીતિનભાઈ પટેલ**
**માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા, માર્ગ અને મકાન**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**<u>વિષય : ૨૦૧૭-૧૮ના બજેટ પુર્વેમાં લમસમ ટેક્ષની દરખાસ્ત અંગેની રજુઆતો</u>**

**માનનીયશ્રી,**

સવિનય જણાવવાનું કે ૨૦૧૭-૧૮ના બજેટમાં આપશ્રીએ ટેક્ષ સરળીકરણ બાબતે **૭૫૦૦ કિ.ગ્રા.** થી વધારે જીવીડબલ્યુ વાળી ગાડીની કિંમતના ૭% પ્રમાણે લમસમ ટેક્ષની જે દરખાસ્ત કરેલ છે તે બાબતે અમો નીચે મુજબની રજુઆત કરવા માંગીએ છીએ.

૧) ઉપરોક્ત દરખાસ્ત મરજીયાત ધોરણે દાખલ કરવી જોઈએ.

૨) આ દરખાસ્તમાં એક સરખા જીવીડબલ્યુ વાળા જુદા જુદા મેન્યુફેક્ચરર્સના વાહનોના ટેક્ષમાં સમાનતા રહેવી જોઈએ.
અત્યારની વ્યવસ્થા પ્રમાણે ગાડીના જીવીડબલ્યુ ઉપર **પ્રતિ ટન રૂા.૮૦૦/-** પ્રમાણે વાર્ષિક ટેક્ષ લેવામાં આવે છે, જેથી જુદી જુદી કિંમતની એક સમાન જીવીડબલ્યુ વાળી ગાડીઓનો ટેક્ષ એક સરખો થાય છે. હવે નવી દરખાસ્તમાં બીલની રકમ ઉપર ટકાવારી પ્રમાણે ગણતાં એક સરખા જીવીડબલ્યુ વાળી ગાડીઓનો જુદો જુદો ટેક્ષ થશે, તેથી સમાન વાહનની ટેક્ષની ગણતરીના ટકાવારીમાં પણ સ્લેબ રાખવા જોઈએ, જેથી ટેક્ષની રકમમાં વિસંગતા ન રહે.

૩) ટ્રેડ અને કોમર્સની જરૂરીયાત પ્રમાણે ખાસ કરીને મોટી ગાડીઓમાં જુદા જુદા પ્રકારની લોડ બોડીઓ તેમજ ટ્રેઈલર બનાવવામાં આવે છે, જેની જુદી જુદી કિંમતોના હિસાબે ટેક્ષની ગણતરીમાં વિસંગતતા આવવાથી વાહનના કંપનીના બીલની કિંમતને જ ટેક્ષ ગણતરી માટે ધ્યાનમાં રાખવી જોઈએ.

૪) અમોને જુદા જુદા શહેરોના મંડળો દ્વારા તેમજ મોટા ટ્રાન્સપોર્ટરો દ્વારા મળેલ રજુઆત મુજબ આજે એક જ પ્રકારના વાહનના જીવીડબલ્યુ પ્રમાણે ભરાતા ટેક્ષની રકમમાં લમસમ ટેક્ષની ગણતરી ૭%થી કરતાં ૧૨ વર્ષમાં ભરેલ ટેક્ષની રકમ કરતાં ૧૨ વર્ષનો એડવાન્સમાં આપેલ લમસમ ટેક્ષનું ભારણ વધુ થાય છે.
**દા.ત. : ૨૫ ટન** જીવીડબલ્યુ વાળી ગાડીનો આજે વાર્ષિક ટેક્ષ **રૂા.૨૦,૦૦૦/-** છે, જે **૧૨ વર્ષમાં કુલ રૂા.૨,૪૦,૦૦૦/-** થાય. આ પ્રકારની ગાડીની આજની કિંમત આશરે **રૂા. ૨૫ લાખ** છે, તો તેના **૭% લેખે** લમસમ ટેક્ષમાં એડવાન્સમાં **રૂા.૧,૭૫,૦૦૦/** ભરવાના થાય. આજ રોજ અમારા ઉદ્યોગને ફાયનાન્સ **૧૨% થી ૧૩.૫%**એ મળે છે અને રૂા.૧,૭૫,૦૦૦/- ની રકમ એડવાન્સમાં ભરતા તે રકમ **૧૨ વર્ષે** લગભગ **૪ ઘણી** એટલે કે **રૂા.૬,૮૦,૭૫૦/-** થઈ જાય. જેથી દર વર્ષે **રૂા.૨૦,૦૦૦/-** ભરવા યોગ્ય લાગે, અને જો આ વ્યાજ **૬% લેખે** ગણીએ તો પણ તે રકમ **રૂા.૩,૫૧,૭૫૦/** થાય. **જે આજના ૧૨ વર્ષમાં ભરવાના થતા રૂા.૨,૪૦,૦૦૦/- થી પણ ઘણા વધારે છે.**

આ સાથે અમારી આપશ્રીને વિનંતી છે કે ટેક્ષના દરને એવી રીતે આકર્ષક બનાવવી જોઈએ જેથી મરજીયાત પણે દાખલ કરો તો પણ ટ્રાન્સપોર્ટરો તેને આવકારીને સ્વીકારે.

આપશ્રીના યોગ્ય કરવાની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)